**કઠોપનિષદ**

**શિબિર-૨**

**અધ્યાય-૧ પ્રથમ વલ્લી શ્લોક ૨૦-૨૯**

**પ્રવચન-૧ તા. ૭-૫-૨૨ સવાર**

જનરલ

સુંદર જીવન માટે માર્ગદર્શન - નચિકેતા દ્વારા

૧) Clear the Confusion - મૂંઝવણને દૂર કરો

* સ્પષ્ટ બનો કે જીવનમાં શું જોઈએ છે

- આત્મવિશ્વાસ આપે - શક્તિ / ગતિ
- દા.ત. ખબર નથી કે ડાંગ તરફ લઈ જાય

* મૂંઝવણ - તેને જટિલ બનાવે

- જ્યાં બુદ્ધિ નક્કી કરે ત્યાં પગ તમને લઈ જાય
- દા.ત. ઘૂંટી, ઘૂંટણનો દુખાવો - ચંપલ તૂટી ગયાં

* ધર્મ દુ:ખી માણસો કરે

- સુખ કારણ કે વ્યર્થતાનું ભાન
- ઉચ્ચ તરફ ગતિ
  દા.ત. સાધુને આનંદી તરીકે જુઓ - ત્યાગી નહીં

* સ્વર્ગમાં જવું

- સ્વર્ગ સર્જો જ્ઞાન દ્વારા
- સત્સંગનું અમલીકરણ     દા.ત. ડ્રાઈવર સીટ
  બૅક સીટ

૨) Close the Competition - સ્પર્ધાનો અંત આણો

* સ્પર્ધા અન્ય સાથે નહીં

- તમારી સાથે - તમારો પૂર્વ પુરુષાર્થ
- દા. ત. વિશ્વજીત યજ્ઞ - સર્વશ્રેષ્ઠ બનવું

* લોક મત પર આધાર

- દા. ત. મેકઅપ શા માટે - અન્યના અભિપ્રાય માટે
- દા. ત. સ્ટુડિયો ૧. તમે શું છો?
  ૨. તમે શું દેખાડવા માંગો છો?
  ૩. તમને અન્ય પાસે શું મનાવવું છે?

* તેની પરવા ન કરો - પ્રભાવિત

- કુછ તો લોગ કહેંગે - તે તેમની મનોસ્થિતિ છે
- દા.ત. થરમૉસ ગ્લાસ દા.ત. ટાયર પરની સ્ટીલ પ્લેટ

* અન્યને સહાય

- તેમને નીચે ન ખેંચો
- સ્પર્ધા નહીં સહકાર

૩) Cancel the Calculation - ગણતરીનો છેદ ઉડાડો

* સંપત્તિમાં - સંબંધોમાં નહીં

- જેવા સાથે તેવા નહીં
- દા.ત. લગ્નમાં ચાંદલો
- માણસ - ઈચ્છાઓ = ભગવાન

* નિ:સ્વાર્થી બનો - સ્વાર્થી નહીં

- ગણતરી નહીં - માત્ર આપો
- તેણે કેટલું કર્યું - મેં કેટલું કર્યું

* મારું કર્તવ્ય શું છે?

- જ્યારે તેણે તેવું વર્તન કર્યું
- અહં મહત્ત્વનો કે સંબંધ

* કર્તવ્યનો વિચાર કરો

- હક / અધિકાર નહીં
- સારી રીતે પ્રતિભાવ આપો   દા.ત. સોડા / પાણી

૪) Create good Communication - સુયોગ્ય સંવાદ સ્થાપો

* પેઢીઓ વચ્ચેનું અંતર રહેશે

- સંવાદમાં અંતર નહીં
- તાલમેલ સારો હોવો જોઈએ

* સંપર્ક / સહવાસ / સાન્નિધ્ય / સંબંધ

- કૉન્ટેક્ટ / અધિક / આત્મીયતા / રિલેશનશિપ
- સંવાદ માટે જોડાણનો પ્રયત્ન કરવો

* સમસ્યાનું કદ / હદ - મનને ન સોંપો

- નાનાને મોટું - મન
- મોટાને નાનું - બુદ્ધિ (સદ્બુદ્ધિ)

* M = મૅગ્નિફાઈઝ સમસ્યા (મોટું કરે)
  I = ઈમૅજિનિંગ સુખ (કલ્પના કરે)
  N = નિગલેક્ટિંગ ફરજ (અવગણના) - મૂડ - બહાનાં
  D = ડિનાઈઝ વાસ્તવિકતા (નકારે) દા.ત. સ્પાઈડરમેન ગમે

## શ્લોક - ૨૦

### ત્રીજું વરદાન

* ભારતીય ચિંતકોમાં મૃત્યુ પછી શું

- તે સંબંધી મતમતાંતર, વિપરીત નિર્ણયો જોવા મળે
- મૃત્યુ પછી બધું નષ્ટ / શું મૃત્યુ પછી હું ટકું છું
- કારણ કે મૃત્યુ દેખાય / તેની પારનું ન દેખાય

- બુદ્ધિનો વિષય નથી - શુદ્ધિનો વિષય છે
- કોઈકની આવશ્યકતા - અપરોક્ષાનુભૂતિ

- પુસ્તકીય જ્ઞાનથી નિર્ધાર નહીં / ગૂંચવણ મૂંઝવણ
- બધા તર્ક - દલીલ - દ્દષ્ટાંત આપે

* યમરાજને પૂછે - શંકા

- કોઈ કહે છે - મૃત્યુ પછી જીવાત્મા રહે
- કોઈ કહે છે - બધું નષ્ટ થાય છે
  દા.ત. મીણબત્તી પીગળીને અલોપ

- આપ જેવા સદ્‌ગુરુ મળ્યા છે
- તો એ નિર્ણય કરવા માંગું છું
- આ મારું ત્રીજું વરદાન છે

* તેની શંકા નથી

- આત્માના અસ્તિત્વ વિષે શંકા નથી
- પરલોકગમનમાં પણ માને છે
- દા.ત. સ્વર્ગવિધિ - અનંદાલોક - તે ટકે

- જાણવા ઈચ્છે છે - સ્વરૂપલક્ષણ અને
- સાક્ષાત્કારની વિધિ = બ્રહ્મવિદ્યા

- મતમતાંતરથી મુંઝાયેલો
- જાણવાની ઉત્કંઠા છે

* શા માટે કેન્દ્રીય - મહત્ત્વપૂર્ણ

- કેટલાક કહે - ગુજરી ગયા / ગમન કર્યું
- કેટલાક કહે - ઑફ થઈ ગયા

- અસ્તિત્વ વિષે સ્પષ્ટતા
- અંતિમ સત્ય જાણવા ઈચ્છે છે

- જીવનનો લક્ષ - મારે શું કરવું જોઈએ?
  કંઈક ઉચ્ચ છે પ્રાપ્ત કરવા માટે?
- દેહભાવ, જીવભાવથી પર કેમ થવાય
- પ્રશ્નનો હેતુ ઘણો ઊંડો

### વિકલ્પ - ૧ (ટકે છે)

* કોઈ કહે - મૃત્યુ પછી હોય છે

- કેન્દ્રીય સવાલ - મૃત્યુ પછી કંઈક રહે છે?
- તેના પર નિર્ભર છે જીવનનો
  અર્થ - પ્રયોજન - મૂલ્ય - જીવવાની રીત

- જો તેનો નાશ તો જાતિ - ધર્મનો
  બહુ અર્થ રહેતો નથી
- ધાર્મિક / અધાર્મિક બનવાનો અર્થ
  બહુ રહેતો નથી જો આત્મા મરણધર્મી હોય

* જો કોડિયું નષ્ટ - જ્યોતિ બાકી

- નવું કોડિયું ગ્રહણ કરતી હોય
- તો આ જીવન તો માત્ર મહાજીવનનો એક અંશ માત્ર

- પુનર્જન્મ - કર્મ સિદ્ધાંત
- દા.ત. આપણે કહીએ ગુજરી ગયા / ગમન કર્યું
- સત્ય શું છે

* કમ્પ્યૂટર

- હાર્ડવૅર - શરીર, ઈન્દ્રિય -
  બાહ્ય ઘટક અથવા તંત્ર
  સૉફ્ટવૅર - અંતઃકરણ -
  સાધન જે કમ્પ્યૂટરને કહે કે શું કરવું

- મન = માહિતી એકત્રિત,
  વિકલ્પ કરનાર વિભાગ - ભીતર લેનાર સાધન -
  પ્રોગ્રામમાં માહિતી ભેગી કરે
  બુદ્ધિ = વિશ્લેષણ અને નિર્ણય કરવાની શક્તિ -
  પ્રોસેસર
  ચિત્ત = સંગ્રહ સુવિધા - વાઈરસ
  અહંકાર = ઓળખાણ - પાસવર્ડ માંગે

- કમ્પ્યૂટર કામ કરે - વિદ્યુતથી
- વિદ્યુત સમાન છે - વૉલ્ટેજ ભિન્ન

- મૃત્યુ - કમ્પ્યૂટર બંધ પડી જાય
- નવું કમ્પ્યૂટર - માહિતી સ્થાનાંતરિત થાય
- શરીર બદલે - નવું પિંજર પ્રાપ્ત
- કર્મ અનુસાર પુનર્જન્મ

* આનો અર્થ

- પહેલી વાર જન્મ્યો નથી
- જન્મ આરંભ નથી - મૃત્યુ અંત નથી

## વિકલ્પ - ૨ (ટકે નહીં)

* કોઈ કહે - બધું નષ્ટ થઈ જાય છે

- કેટલાક કહે - ઑફ થઈ ગયા
- દેહપતન પછી આત્મા નષ્ટ
- કેટલાક આ માન્યતા પકડી રાખે છે

- કદાચ ચાર્વાક / બૌદ્ધના સંદર્ભમાં
- ગ્રંથ ૨૦૦૦ વર્ષ પહેલાં રચાયો
- બુદ્ધ ૨૫૦૦ વર્ષ પહેલાં

* ચાર્વાક (ભૌતિકવાદી)

- દેહના સંયોગથી ઉત્પન્ન થાય - દેહના વિયોગે નાશ

a) કાં તો દેહ, ઇન્દ્રિય, પ્રાણ, મન - આત્મા છે
b) દેહયોગથી ઊપજે - દેહવિયોગે નાશ

- વિદ્યમાન છે - પણ નાશવંત (શાશ્વત નહીં)

- પંચભૂતથી ચૈતન્યની ઉત્પત્તિ
  યોગ્ય પ્રમાણમાં યોગ્ય પ્રક્રિયા દ્વારા
- તેના વિભાજનથી નાશ થાય છે

- દા.ત. પાન ચૂના કાથો લાલ રંગ નહીં - લાલ રંગ લાવે
- તેમ શરીરરચના થતાં - જીવન અભિવ્યક્ત થાય છે

- મર્યાદિત કાળ માટે ટકે - દા.ત. ઘટ, પટ આદિ જેમ / દા.ત. વૉરંટીનો સમય
- દા.ત. યંત્ર માત્ર - એક દિવસ અચાનક કાર્ય કરતું અટકે
  ગાડીની જેમ - અમુક ભાગોનું સંયોજન

દા.ત. બી. એફ. સ્કિનર
અમેરિકન મનોવૈજ્ઞાનિક / વર્તનશાસ્ત્રી
૧૯૦૪ - ૧૯૯૦
ઉંદરો પર

દા.ત. ડેલગાડો
સ્પૅનિશ મનોવૈજ્ઞાનિક / વર્તનશાસ્ત્રી
(રૅડિકલ બિહેવ્યરિઝમ)
૧૯૧૫ - ૨૦૧૧
બળદને ઉત્તેજિત કરી અને ઇચ્છિત વર્તન કરાવવું

## અવસરનો સદુપયોગ કરો

* આપ દ્વારા જાણવા માંગું છું

- આત્મા દેખાતો નથી, ઇન્દ્રિય પ્રત્યક્ષ નથી - બુદ્ધિગમ્ય નથી
- આગમથી સમજી શકાય
- વિભિન્નતા તેથી સદ્ગુરુ આવશ્યક
- અનુભવી જ ઉકેલ લાવી શકે

- આપ સિવાય વધુ સારી રીતે કોણ સમજાવી શકે
- મૃત્યુના વિષયમાં - યમરાજા પ્રાપ્ત
  તો શા માટે જ્ઞાન પ્રાપ્ત ન કરી લેવું

* નચિકેતાનું ચારિત્ર્ય

- બીજા વરદાનોથી 'કટ પીસ' મળશે
- ઇન્ટર્નલ પીસ (આંતરિક શાંતિ) ઇચ્છે

- અર્થ કામથી સાદિ સાંત મળે
- સાદિ અનંત (મોક્ષ) આત્મસાક્ષાત્કારથી

- ત્રીજા વરદાનરૂપે આત્મવિદ્યા જોઈએ
- ત્રીજા વરદાનરૂપે આધ્યાત્મિક સમસ્યાનો ઉકેલ

* જીવન - અવસર છે

- દા.ત. અવસરનું ચિત્ર - વાળ આંખ / પાંખ
- વાપરો કે ગુમાવો - આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે છે
  દા.ત. માત્ર સંતાન નહીં

* જંજાળમાં ન ફસાવું - નિર્લેપભાવે કર્તવ્ય

- દા.ત. દશરથ - વિશ્વામિત્ર - મેનકા
- કામ કરી નીકળી જાઓ - પોતાનું કલ્યાણ ન ચૂકવું

* ઉત્સાહ ઉમંગથી જીવવું પણ

- મૃત્યુની સભાનતા સાથે
- ક્ષણભંગુરત્વનું ભાન - સમયનો મહિમા

* અંધ ન બની જતાં - પરમાં ન ફસાતાં

- બધાની છે દા.ત. સમાપ્તિની તારીખ

* ભયભીત નહીં - ઉન્નત જીવન જીવવું

- પૂર્ણ શુદ્ધિ તરફ યાત્રા

## પ્રવચન-૨ તા. ૭-૫-૨૨ બપોર

### શ્લોક - ૨૧

**યમનો તેના પ્રત્યે પ્રતિભાવ**

* વિષય - સરળ નહીં
- વિષય સૂક્ષ્મ - સમજવું કઠિન છે
- વિષયવસ્તુ બહુ સૂક્ષ્મ છે
- સરળતાથી ગ્રહણ કરી શકાતી નથી

- અશક્ય નહીં - પરંતુ કઠિન
- શક્ય માત્ર જો ચિત્તશુદ્ધિ

* દેવતાઓને પણ શંકા છે
- કઠિન લાગે ભલે તેમની પાસે
- લાંબું આયુ - વિશિષ્ટ શક્તિ - છતાં
- તેઓ મૂંઝાયેલા છે
- શંકાઓ છે - તેઓ માટે સરળ નથી

* કંઈક બીજાની માંગણી કર
- દબાણ ન કર
- મને આના માટે આગ્રહ ન કર
- જબરજસ્તી નહીં - મને દબાણ નહીં
- આ છોડી દે - બીજું કંઈક માંગ
- માત્ર અધિકારીને આપવા ઈચ્છે છે

* હેતુ - પાત્રતા તપાસવાનો
- આમ કહી - નચિકેતાની પરીક્ષા લેવા
- તે અધિકારી છે કે નહીં
- ઈરાદો પ્રશ્ન ઊડાડી દેવાનો નથી
- પરિપક્વતાની ચકાસણી કરવાનો

* આ જ્ઞાન માટે અધિકારીપણું જોઈએ
- રસ ટકાવવા શુદ્ધિ આવશ્યક
- બોધ આત્મસાત્ કરવા ગ્રહણશક્તિ આવશ્યક
- આશય પકડવા વિવેકબુદ્ધિ આવશ્યક
- ચિત્તશુદ્ધિ માટે વૈરાગ્ય, મુમુક્ષુતા
- મળ અને વિક્ષેપરહિત ચિત્ત જોઈએ

**પાત્રતા જરૂરી**

* પાત્રતા જરૂરી આત્મોપદેશ માટે
- દા.ત. દર્પણમાં પ્રતિબિંબ પડે - પથ્થરમાં નહીં
- દા.ત. સિંહણનું દૂધ - પિત્તળનાં નહીં સોનાનાં પાત્ર

* અનધિકારીના હાથમાં નુકસાન
- દા.ત. બાળકના હાથમાં દીવાસળી જોખમકારક છે

* અનધિકારી અવળી રીતે લે

ⓐ પૂર્વમાં આત્મા નિત્ય - પુનઃ જન્મ - આત્મખોજ માટે નીકળે
- પ્રમાદ માટે વાપરે - આવતા ભવે - હમણાં ભોગ
- અધિકારી (હવે બસ) અનધિકારી (જલદી શું છે)
- પૂર્વમાં સમયની સભાનતા નહીં - સમયનું મૂલ્ય નથી
- દા.ત. ગરીબ હિસાબ - ધનવાન ઘણી ધનરાશિ
- દા.ત. પશ્ચિમે ઘડિયાળની શોધ - સમય ભાગે છે
  સમયની સભાનતા થોડો છે

ⓑ એક જ જન્મ - પૂર્વને પ્રમાદી જોયું
- પુનઃ જન્મ નહીં - મુલતવી / આળસ નહીં
- બીજો અવસર નહીં મળે - તે કરી લો
- અનધિકારી : જલદી / વધારે ભોગવી લઉં

* તેથી ઘણા જ્ઞાનીઓ ચૂપ રહ્યા
- કહી શકતા નહોતા એ કારણ નહોતું -
  તમે અવળી રીતે લેશો તેનો ભય
- દા.ત. બુદ્ધ દેહવિલય - ૩૩ સંપ્રદાય - તેઓનાં અર્થઘટન
- બોલ્યા હોત તો ઠીક થાત
- તેથી જ્ઞાની બોલે - પરંતુ અવળી રીતે લેવાય

* યમ તપાસવા માંગે
- નાની વાતોમાં રાજી - કે તૈયાર
- દા.ત. કોહિનૂર - ચળકતો પથ્થર

* કારણ કે આ સૂક્ષ્મ જ્ઞાન છે
- બુદ્ધિ પદાર્થને ગ્રહે - જાણનારને નહીં
- અંતર્મુખી લક્ષ જોઈએ - જુદા ચશ્માં
- પદ્ધતિ અલગ છે
- બુદ્ધિ / તર્ક દ્વારા નહીં - તેનાથી પાર જવું
- ધ્યાન - વિશ્લેષણ પદ્ધતિ નહીં - સાક્ષીભાવની પદ્ધતિ

* માટે યમ કહે

કંઈક બીજું માંગ
આ નહીં

## શ્લોક - ૨૨

### નચિકેતાનો પ્રતિભાવ

* **નચિકેતા મચક નથી આપતો**

- પાછો પાડવાનો પ્રયાસ - કઠિન
  - પ્રલોભનો
- કઠિન વિષયવસ્તુથી ભયભીત નહીં
- મક્કમતાથી નિર્ણય જાહેર કરે છે
- આ જ જાણવા માંગું છું
- જોર - જોશ - જીદ માત્ર આ માટે

* **દેવોને આ કઠિન લાગે**

- શંકાઓ ધરાવે - સરળ નહીં
- એટલે કે તેમને પણ એની જિજ્ઞાસા
- દર્શાવે જીવનની સાર્થકતા તેમાં જ
- તેથી જાણવા વધુ ઉત્સુક

* **આપ જેવા અન્ય કોઈ નહીં**

- તત્ત્વ સંભળાવનાર - અતિ દુર્લભ
- આપ જેવા સમર્થ - કદી સંભવ નહીં
- શ્રેષ્ઠ મળ્યા છે - શોધવા શક્ય નથી
- શ્રેષ્ઠ ગુરુ - તમારી સમાન બીજા કોઈ નહીં
- અદ્વિતીય - અજોડ
- આવો અવસર નહીં મળે
- આપ જ શોકસાગરથી મને પાર - કાંઈ તુચ્છ નહીં જોઈએ

* **આના સિવાય - કાંઈ નહીં જોઈએ**

- દેવોને કઠિન લાગે આ સાંભળીને - મહિમા / ઉત્સાહ વધ્યો
- ભાન આત્માથી સૌ હીન - આત્મજ્ઞાન જ જોઈએ
- પુણ્યફળ અનિત્ય છે - આત્મજ્ઞાનનું ફળ નિત્ય છે

- માત્ર આ જોઈએ - તીવ્ર સંવેગ
- તેની મુમુક્ષુતાની તીવ્રતા દર્શાવે
- દા.ત. કેરકેગાર્ડ = માત્ર એક ઇચ્છા
  એકાગ્રતા - શુદ્ધિ વધે
- શ્રેષ્ઠ અવસર - કેમ ગુમાવવો

### જનરલ

* આપ અનુભવી છો - સમજાવો

- પુસ્તકિયું જ્ઞાન - અપરોક્ષાનુભૂતિ
- સૌથી વધારે અનુભવ મૃત્યુનો છે
- આપ પાસે મૃત્યુનું રહસ્ય જાણવું છે

* ગર્ભિત અર્થ - મૃત્યુ સાથે સંવાદ

- મૃત્યુની સભાનતા
- શું થાય છે મારું
- શું રહે છે પાછળ? શું લઈ જવાનું?

* સમય બગાડવાનું અટકાવો

- દા.ત. મૂર્તિકાર
- ૧૦ વર્ષ - આત્મકલ્યાણ માટે
- સ્વરૂપ ઐક્ય તો મૃત્યુભય નહીં

* મૃત્યુ દેખાય - પાર નહીં - તેથી ભય

- બીજાનું મૃત્યુ જોયું
- દા.ત. ગૌતમી પુત્રમોહ
- ઊગે તે આથમે - શાશ્વત સાથે ઐક્ય

* મૃત્યુમાંથી નિર્ભયપણે પસાર

- સ્વરૂપાનુસંધાન તો પસાર જેમ
- દા.ત. સર્પ કાંચળીમાંથી
- કાયા અમર નહીં - બચાવવાની ચેષ્ટા

* ખુશીથી ભેટો - સ્વરૂપજ્ઞાન થતાં

- નિઃશંકતા - નિર્ભયતા
- દા.ત. ભગતસિંહ ફાંસી - હસતાં હસતાં
- ઉચ્ચ સાથે જોડાણ

* મૃત્યુ મહોત્સવ બને છે

- સમાધિભાવમાં દેહત્યાગ
- વિચલિત - વિક્ષિપ્ત - ભયભીત નહીં
- સ્વરૂપનો બોધ - સાક્ષાત્કાર
- નચિકેતાને જાણવું છે - સાધવું છે

## શ્લોક - ૨૩, ૨૪

### ગુરુ પાત્રતાની ચકાસણી

* યમ ગુરુ તરીકે
  - જલદી પ્રસન્ન ન થાય તેવા
  - કદી પ્રસન્ન ન થાય એવા નહીં

- કસોટી કર્યા વિના - રાજીપો ન દેખાડે
- પરમ પારખુ તેથી પાત્રતા તપાસે
- દા.ત. ઘડો ખરીદવા ટકોરા
- વૈરાગ્ય ઉપશમ મહત્ત્વના આત્મપ્રાપ્તિ માટે
- શિષ્ય ઘડામાં આત્મજ્ઞાનનું અમૃત

* યમ તપાસ / ચકાસણી
  - વિવેક - વૈરાગ્ય - મુમુક્ષુતા ચકાસે
  - કસોટી કર્યા વિના આત્મવિદ્યા ન અપાય
  - અનાસક્તિ ચકાસે - ચલિત થાય છે?
  - જુસ્સો તોડી પાડવા નહીં
  - પાત્રતાની ચકાસણી હેતુ

* પ્રલોભનો - આપે
  - પરંતુ તે માટે કોઈ ઉત્સાહ ન જુએ
  - જો ચલિત તો - દિશાનો - ધ્યેયનો નિર્ણય થયો નથી

- તું મારી આપવાની શક્તિને જાણતો નથી
- તું જે ઇચ્છે તે આપી શકું
- વાસ્તવમાં તેનો વૈરાગ્ય તપાસે છે

* મોક્ષમાર્ગમાં - ૩ મુખ્ય ઇચ્છા
  ૧) પુત્રેચ્છા - કુટુંબ - પરિવાર
  ૨) વિત્તેચ્છા - સંપત્તિ - પૈસા
  ૩) લોકેચ્છા - શક્તિ - પ્રતિષ્ઠા
  - આ ત્રણે વણ્યા શ્લોક ૨૩-૨૪માં
  - ભૌતિક પ્રલોભન - વૈરાગ્ય અભાવ સૂચવે

### ભૌતિક પ્રલોભનો (૨૩-૨૪)

* ભૌતિક સુખોનું પ્રલોભન
  - પસંદ કર ઘણા પુત્રો - પૌત્રો
    જે ઘણું લાંબું જીવે (સેંકડો વર્ષો)
    તારી પહેલાં મૃત્યુ ન પામે [પુત્રેચ્છા]
  - પશુધન
    હાથી
    અશ્વ
    સુવર્ણ
    સુખી જીવન જીવવા સંપત્તિ જરૂરી [વિત્તેચ્છા]
  - પૃથ્વી પર વિશાળ ભાગ
    વિશાળ જાગીર અથવા રાજ્યક્ષેત્ર પસંદ કર
    જમીન પ્રતિષ્ઠા સૂચવે [લોકેચ્છા]
  - જેટલી શરદો જીવવું હોય એટલું (વર્ષો)
    જે તું ઇચ્છે - સ્વસ્થ જીવન
    મૃત્યુનો ભય નહીં

* ભોગવિલાસ આપે - ઇન્દ્રિય સુખ
  - ધન - સંપત્તિ
  - દીર્ઘ આયુ
  - સામ્રાજ્ય / સમ્રાટ

* આવું કોઈ પણ વરદાન માંગ - તે આપીશ
* આવું જે કંઈ પણ તારા મનમાં હોય - તે પૂર્ણ કરીશ
* આવું જે યોગ્ય લાગે તે માંગ
  મનોકામના પૂરી કરીશ

* પરંતુ આત્મવિદ્યા ન માંગ
  મૃત્યુનું રહસ્ય ન પૂછ

* નચિકેતા કોઈ રસ બતાવતો નથી
* તત્પરતા દેખાડતો નથી

## શ્લોક - ૨૫

### સ્વર્ગીય પ્રલોભનો (૨૫)

* સ્વર્ગીય સુખો

- કદાચ લૌકિકથી આકર્ષિત નહીં
  તેથી પારલૌકિકની વાત કરે
- પ્રસ્તાવનું સ્તર વધારે છે
  સ્વર્ગીય સુખોનું પ્રલોભન
- મનુષ્યલોકમાં દુર્લભ - મર્ત્યલોકમાં પ્રાપ્ત કરવું કઠિન
  સ્વર્ગીય સુખો આપીશ

* સ્વર્ગીય સુખો - વધુ સારાં

- દેહ - પદાર્થો - માહોલ, વાતાવરણ
- દા.ત. ઉડિપી / તાજમાં કૉફી
- તારી રૂચિ અનુસાર ભોગો - આપીશ
- સ્વર્ગમાં ૭ સ્ટારની સરભરા

* સ્વર્ગના ભોગવિલાસ

૧) દૈવી કુમારીઓ
   અપ્સરાઓ સેવા કરશે
૨) રથ
૩) વાજિંત્રો - દૈવી સંગીત
- તને તે બધું આપીશ જે મનુષ્યો
  મૃત્યુલોકમાં ન મેળવી / માણી શકે
- માંગતા અચકાઈશ નહીં

* કંઈક માંગ - આ નહીં

- પણ એ વિશે પ્રશ્ન ન કર
- મૃત્યુ પછી આત્માની દશા
- મૃત્યુ પછી આત્માનું શું થાય

* નચિકેતાનો પ્રતિભાવ

- અચળ - અપ્રભાવિત
- દા.ત. તેના આત્મારૂપી સમુદ્રમાં ઈચ્છાનું
  એક મોજું પણ ઊઠ્યું નહીં
- પ્રલોભનો વધતાં - દૃઢતા વધી

### ન અટકવું / ફસાવું

* યમરાજા - જુદા જુદા ખેલ ખેલે છે

- મનુષ્યલોક / સ્વર્ગલોક - સુખનાં પ્રલોભનો
- જેથી બ્રહ્મવિદ્યાની જીદ ન કરે
- નચિકેતા જાળમાં ન ફસાયો

* દા.ત. મઠાધીશ માટેની વિનંતી

- ૧ માંગ્યો - ૧૦ મોકલ્યા - ૧ પહોંચ્યો
- પ્રલોભનોના શિકાર બની ગયા
- અહીં તો - જે ઈચ્છા - પૂરીનો વાયદો

* સામાન્ય જીવ - લપસી જાય

- તૃષ્ણાના કારણે
- દા.ત. આકાશ જેવી અનંત
- દા.ત. સિકંદર ખોપડી

* નચિકેતા ઈનકાર - જીદ કરે છે

- બુદ્ધિમાન     - નિર્વાણમાર્ગનું રહસ્ય
- બુદ્ધુ     - ઈચ્છાપૂર્તિ
- ઈચ્છાપૂર્તિ નહીં - ઈચ્છા હજી છે છતાં

* દુરુપયોગ નહીં - સદુપયોગ કરો

- દા.ત. ગુરુ હસે - સૌદાગર
- દા.ત. પરીક્ષિત - ૭ દિવસ - ભાગવત શ્રવણ
- આત્મકલ્યાણ - ઈચ્છાપૂર્તિ નહીં

* પોતાને ઓળખો - તેમાં સ્થિર થાઓ

- ધ્યાન - આનંદ - ન અપેક્ષા / આધીનતા
- અનાવશ્યક ઈચ્છાની પૂર્તિમાં ગુમાવો નહીં
  દા.ત. કંકોત્રી લેખન
- સ્વયંમાં પ્રવેશ કરો

* નિત્ય અભ્યાસ

- દા.ત. ૧ દિવસ જિમમાં - પહેલવાન નહીં
- દા.ત. વાયોલિન - વીણા - સિતાર
- લાકડી, આંગળીઓ બેસવી જોઈએ

## પ્રવચન-૩ તા. ૮-૫-૨૨ સવાર

### શ્લોક - ૨૬

#### નચિકેતાનો પ્રતિભાવ

* આ શ્લોકમાં

- નચિકેતાનો પ્રતિભાવ - યમનો પ્રસ્તાવ
- વિષયસુખની મર્યાદાઓ - સ્વયં બતાવે
- તેનો વિવેક - વૈરાગ્ય દર્શાવે
- દિશાનો નિર્ણય સ્પષ્ટ છે
- દર્શાવે કે તે મનનશીલ છે

* ક્ષુલ્લક છે - ક્ષય પામે છે

- તમે પ્રસ્તાવમાં આપેલું બધું = નાશવાન - અનિત્ય, ક્ષણભંગુર
- સુખની નિત્યતા - સંભવતી નથી

- પશ્ચાત્ દુઃખ સુખ નહીં - વિયોગ નિશ્ચિત
- તેનો નાશ કે આયુ પૂર્ણ - વિયોગ નિશ્ચિત
- દા.ત. હોટલમાંથી કાઢે - પુણ્ય પૂરું
- આવતીકાલે ન રહે - તેની આધીનતા દુઃખદાયી

- તમે પ્રસ્તાવમાં આપેલું બધું સ્વભાવથી
  અનિત્ય અને અનિશ્ચિત છે

* ઇન્દ્રિયો નિર્બળ બને છે

- તેના ભોગવિલાસથી - ઇન્દ્રિયોની શક્તિ ક્ષીણ
- ઇન્દ્રિયોની સંવેદના ઘટે છે
- મનની ઉત્તેજના ઘટે છે

- જ્ઞાનેન્દ્રિય, કર્મેન્દ્રિય શક્તિ ક્ષીણ થઈ જાય છે
- ભોગ ભોગવવાથી - આધિ વ્યાધિ ઉપાધિ સંભવ
- આપણે ભોગ નથી ભોગવતા
  ભોગ્યપદાર્થો આપણને ભોગવે છે

- મારો વિનાશ કરશે - દા.ત. ભોગમાં રોગનો ભય છે
  તૃષ્ણાના કારણે અતિ ભોગ
  જે રોગનાં નવાં નવાં દ્વાર ખોલે છે
- તમારે મને આશીર્વાદ આપવા છે કે મારો વિનાશ
  કરવો છે?

#### તેની નિષ્કામતા

* આયુ ટૂંકું જ છે

- ગમે તેટલું આયુ - અલ્પ જ ગણાય
- કારણ કે તે અંત પામે - તૃપ્તિ નહીં

- દીર્ઘ આયુ પણ અંતવાન છે
- અલ્પ જ ભાસે - લાંબામાં લાંબુ જીવન
  પણ ટૂંકું લાગે

- ભલે અલ્પ પણ પ્રકાશમય - સુગંધિત
- દા.ત. વીજળી    દા.ત. અગરબત્તી જેવું

* બધું તમારી પાસે રાખો

- તમે પ્રસ્તાવમાં આપેલું બધું
- અનિત્ય, અંતવાન - અસત્ય, મિથ્યા, ભ્રામક ભાસે છે

- તમે મને આપો છો    દા.ત. શીંગદાણા
- તમારી પાસે રાખો - નહીં જોઈએ

- ઇચ્છાઓ બુદ્ધિને અવરોધે - યથાર્થ વિચારી ન શકે
- તે સુખના સ્વાંગમાં દુઃખ છે

* નિષ્કર્ષ

- તમે જે આપો - જીર્ણ થાય
- ચંચળ - નાશવાન

- આધ્યાત્મિક કલ્યાણ માટે અનુકૂળ નહીં
- અમૂલ્ય તક ગુમાવીશ

- ભોગ ઝેર ભાસે છે
- ભ્રાંતિગતમાં વહાલપ નથી
- દા.ત. રેઝર બ્લેડ પર મધ
  ચાટવા જતાં - જીભ કપાય

- નચિકેતાનો ઉત્તર જે મુમુક્ષુતાના માર્ગ પર પગલાં
  ભરી રહ્યાં છે તેઓ માટે સહાયક અને પ્રેરણાત્મક

## શ્લોક - ૨૭

### સંપત્તિથી તૃપ્તિ નથી

* નચિકેતાનું ચારિત્ર્ય

- ઉંમર નાની - વિવેક મોટો
- નિર્ણય પાકો - આત્મકલ્યાણ

- વૈરાગ્ય કારણ કે વિવેક
- માત્ર મોક્ષ અભિલાષ - આપ્યું તેની નહીં

- પોતાને શું જોઈએ તે માટે સ્પષ્ટ
- ન મૂંઝાયેલો - ન લલચાય

* સંપત્તિ - દર્શનમાત્રથી

- ઇન્દ્રિયો તૃપ્ત તમારાં દર્શનથી
- દ્રવિણં ત્વમેવ

- તમે રાજી છો - સર્વ ઇન્દ્રિય સુખ, સંપત્તિ મળશે
- પરંતુ માત્ર આત્મજ્ઞાન જોઈએ
- દા.ત. જ્ઞાનસાગર મળ્યા હોય - આચમન કેમ ન કરું
- સંપત્તિની અપેક્ષા રાખું? દા.ત. ખાબોચિયાંમાં
  તુચ્છ કેમ માંગું? કેમ પડું
- દા.ત. રત્નાકર પાસેથી રત્ન મંગાય
- જન્મોજન્મનું દારિદ્ર્ય દૂર થાય
- કેમ ભૌતિક - જ્યારે લોકોત્તર મળી શકે
- કેમ ભિખારી - જ્યારે તમે કંઈ પણ આપવા તૈયાર

* સંપત્તિથી તૃપ્તિ નથી
  સંપત્તિની મર્યાદા

- ધનમાં આપ-લેની શક્તિ
  સર્વ ભોગ પ્રાપ્ત - તેથી ધન જોઈએ
- જો તમારી પાસે ધન હોય - તમે પામી શકો
  બધાં સુખ - ભોગવિલાસ - પ્રતિષ્ઠા
  ભવિષ્ય સુરક્ષિત
- સંપત્તિ પાસે ઉપયોગિતાની શક્તિ છે
  પરંતુ સુખની શક્તિ નહીં
- સુવિધા આપવાની શક્તિ છે
  પરંતુ સુખની નહીં

### તેનો મક્કમ નિર્ણય

- ધન ખરીદી શકે
  પુસ્તકો - આત્મજ્ઞાન નહીં
  દવાઓ - ઊંઘ નહીં
  આહાર - સ્વાસ્થ્ય નહીં
  અંગરક્ષકો - નિર્ભયતા નહીં
- આધુનિક માનવી સુવિધાપૂર્ણ દુઃખી

- હંમેશાં અતૃપ્ત રહે
  દા.ત. અગ્નિમાં ઘી - વાસનામાં ભોગ
- સુખદ દુઃખદ પરિસ્થિતિમાં - પ્રતિક્રિયા કરે એવી
  મનની સ્થિતિ
- ઘમંડી બને - ખરાબ આદતો
  વ્યસન - ઇચ્છાઓનો ગુણાકાર - તણાવ, ચિંતા
- તૃપ્તિ નહીં - રાજા પણ ભિખારી
  તેથી ન જોઈએ

* લાંબું આયુ - આપના હાથમાં છે

- તે આપના હાથમાં છે - જો રાજી
  લાંબું જીવન આપી શકો
- મને અમરત્વ જોઈએ
  આત્મજ્ઞાન દ્વારા ... આત્મવિદ્યા દર્શાવો
- સંપત્તિ કે દીર્ઘાયુ ન જોઈએ
  માત્ર સ્વરૂપબોધ જોઈએ - ન લલચાય

* માત્ર આ વરદાન જોઈએ

- મને જ્ઞાનદાન દ્વારા અનુગ્રહિત કરો
- સંપત્તિમાં તૃપ્તિ નહીં - તૃપ્તિદાયક આત્મજ્ઞાન જોઈએ

- દા.ત. શ્વાસ લેવો તમારું ધ્યેય ન હોઈ શકે
- અર્થ કામ જીવનનું ધ્યેય ન હોઈ શકે

- નચિકેતાની જીદ - જોશ - જોમ
- તેની મુમુક્ષુતા દર્શાવે

## શ્લોક - ૨૮

### સત્સંગ મળ્યા પછી

* નચિકેતાનો પ્રતિભાવ

- નકારાત્મકતામાંથી નહીં
- પરંતુ તેજસ્વી વિચારણામાંથી
  નિર્ણયોની અભિવ્યક્તિ
- ન દુઃખગર્ભિત - સ્મશાન વૈરાગ્ય
- પરંતુ જ્ઞાનગર્ભિત - વિવેકજન્ય વૈરાગ્ય
- સ્પષ્ટ : પશ્ચાત્ દુઃખ તે સુખ નહીં

* સત્સંગ મળ્યા પછી

- સ્વર્ગ મળે તો પૃથ્વીલોક કોણ ઇચ્છે?
  સત્સંગ મળ્યે ઇન્દ્રિય સુખ કોણ ઇચ્છે?
- વરદાન આપવા તૈયાર તો - વિવેકી મોક્ષફળ માંગે
- મૂર્ખ જ વિનાશી માંગે - અનિત્ય ફળ માંગે

- દા.ત. માઇક્રોસોફ્ટ કંપનીના માલિક = બિલ ગૅટ્સ
  કમ્પ્યૂટર? કીમિયો?
- દા.ત. બ્રિટનના સ્ટીલ ઉત્પાદન માલિક = લક્ષ્મી મિત્તલ
  લોખંડનો સળિયો? કીમિયો?
- દા.ત. ગર્ભશ્રીમંત ટાટા / બિરલા
  ફૅક્ટરીમાં નોકરી? કીમિયો?
- દા.ત. જેલર પ્રસન્ન તો
  સ્વાદિષ્ટ ભોજન? મુક્તિ?
- દા.ત. સદ્ગુરુ વરદાન તૈયાર
  નાશવંત સ્વર્ગીય સુખો? આત્મજ્ઞાન ઉપાય?

- નચિકેતા સાધક - ભક્ત - આત્માર્થી
  લૌકિક નહીં - પરંતુ લોકોત્તર ઇચ્છા
- આત્મજ્ઞાનીનો સંગ
  આત્મજ્ઞાન પામવા ઇચ્છે
- ન જોઈએ
  પરિગ્રહ - ભોગ-ઉપભોગ સાધન

### સાચા સ્વરૂપનું જ્ઞાન

* વિનાશી પદાર્થો કોણ ઇચ્છે?

- ન જોઈએ - સ્ત્રીનાં સૌંદર્ય સેવાનો આનંદ
- આવાનું આકર્ષણ - આસક્તિ નહીં
- હવે મનની માંગણીઓ પોષવી નથી
- માત્ર આત્મકલ્યાણ
- સાંસારિકને માણવા કોણ ઇચ્છે -
  તેનું સ્વરૂપ જાણીને

* તેનું સાચું સ્વરૂપ જાણીને

- અજ્ઞાની સાંસારિક સુખોમાં રાચે
  અવિદ્યાના કારણે
- જે ઉચ્ચને સમજે
  તે હીનમાં ન ગુમાવે
- ઉચ્ચ સ્વાદ માટે પુરુષાર્થ કરો
  દા.ત. ઊંચે લોગ ઊંચી પસંદ
- મને ઉચ્ચ બતાવો
  જેથી હીન જાય
- સાંસારિક સુખોની મર્યાદા જાણીને - તેની પાછળ
  કેમ ભાગવું

* નચિકેતાનું ચારિત્ર્ય

- પ્રલોભનોનો ઇનકાર
  આત્મજ્ઞાનની મક્કમતાથી માગણી
- પ્રલોભનોથી લલચાય નહીં
  જાળમાં ન ફસાય
- મને બ્રહ્મવિદ્યા શીખવાડો
  જે ગુપ્ત / સૂક્ષ્મ છે
- આત્મજ્ઞાન જોઈએ
  મારાં બધાં દુઃખનો અંત આણવા
  મારા સર્વ દોષોના નાશ દ્વારા

## શ્લોક - ૨૯

| અન્ય વરદાન ન જોઈએ | નચિકેતાની પાત્રતા |
|---|---|
| * સૂત્રધાર કહે<br>- શ્રુતિમાતા આ કહે<br>સંવાદનો ભાગ નહીં<br>- નિષ્ઠા / દૃઢતાપૂર્વક બ્રહ્મવિદ્યાની વિનંતી<br>પછી પહેલું પ્રકરણ સમાપ્ત<br>- સાધકની પિપાસા અને<br>અનાસક્તિનું દર્શન થાય છે<br>- ન લલચાય - પરંતુ લક્ષમાં કેન્દ્રિત<br>પ્રલોભન અને પીડામાં ચકાસ્યો<br>- તાત્ત્વિક ચર્ચાનો પ્રારંભ<br>આવતા પ્રકરણથી | * અન્ય કોઈ વરદાન ન જોઈએ<br>- જો સત્ય ન જાણ્યું<br>બધું વ્યર્થ<br>- અકલ્પનીય નુકસાન<br>પ્રયત્ન ન કરવો તે પણ નુકસાન છે<br>- નામ પ્રમાણે ગુણો :<br>ન = નથી<br>ચિ = ચિંતન / ચિંતા વિષયની - રસ નહીં<br>કેતા = ખ્યાતિ, યશ / લોકેષણા, પ્રતિષ્ઠામાં રસ નથી<br>(નાચિકેત અગ્નિમાં રસ નહીં<br>માત્ર જ્ઞાનાગ્નિ જોઈએ) |
| * તત્ત્વજ્ઞાન સમજવું છે<br>- દુર્લભતાનો ક્રમ<br>તત્ત્વ સંભળાવવા - સાંભળવાવાળા<br>સમજવા - સ્વીકારવા - સુધારવાવાળા<br>- ગુરુ મળ્યા - જેઓ સૂક્ષ્મ જ્ઞાન આપી શકે<br>- અનુભવજન્ય જ્ઞાન જોઈએ<br>વરદાનરૂપે<br>- જીવનને મળશે<br>ધ્યેય અને દિશા<br><br>- તેમને બ્રહ્મવિદ્યા આપવા<br>વિવશ કરે<br>- જેમ ના પાડે - સંતાડે - આનાકાની<br>તેમ આતુરતા વધતી ગઈ<br>- એ જ વિનંતી / પ્રાર્થના<br>શંકાનું સમાધાન - અજ્ઞાનનું દહન<br>દાનથી સમૃદ્ધ - નગ્ન આત્મામાં મગ્ન | * નચિકેતાનું ચારિત્ર્ય<br>૧) અત્યંત દૃઢ<br>દા.ત. જેમ સત્યાગ્રહી : કરો અથવા મરો<br>⇒ તેની મુમુક્ષુતા દર્શાવે<br>૨) આ લોકની અલ્પ પણ સુખેચ્છા નહીં<br>ન લલચાય કે ચલિત થાય<br>⇒ તેના વિવેક - વૈરાગ્ય દર્શાવે<br>૩) પિતા માટે ક્રોધ નહીં - ન લલચાય<br>શાસ્ત્રમાં શ્રદ્ધા<br>⇒ ષડ્ગુણ સંપત્તિ દર્શાવે<br>૪) આ ચારેય - સાધન ચતુષ્ટય<br>સાચા સાધકના ગુણો પૂરા પ્રમાણમાં<br>૫) ભોગવિલાસવાળું જીવન ન પસંદ કર્યું<br>સાંસારિક વસ્તુઓ ન સ્વીકારી<br>પ્રલોભનોમાં ચલિત ન થયો<br>માત્ર બ્રહ્મવિદ્યા પસંદ કરી |